
# પિતાનું આકાશ




**પપ્પા હંમેશાં મને 'ના' શા માટે કહી દે છે? હું કંઈ નાની છું? હું મારું ધ્યાન જાતે રાખી શકું છું. પપ્પા બધાંથી મોટા છે એટલે શું એ કહે તેમ જ અમારે કરવાનું? હું પપ્પા સાથે વાત જ નથી કરવાની**

**નવલિકા**

ખુશી ઉછળતી, કૂદતી આજે સ્કૂલથી આવી હતી. સ્કૂલ બસમાંથી ઊતરતાંની સાથે જ તેણે મમ્મીને કહ્યું કે, ''આજે સાંજે અમે બધા મિત્રો બહાર સાથે ફરવા જઈશું અને ડીનર પણ લેવાના છીએ. અમે બધા મિત્રોએ સાથે મળીને આ પ્લાન બનાવ્યો છે.'' ખુશી હજી સાતમા ધોરણમાં ભણતી હતી. તેની મમ્મીએ આ બધું સાંભળી લીધું અને શાંતિથી જવાબ આપ્યો કે ''તારા પપ્પા ઘરે આવે ત્યારે વાત કરીશું.''

સમર્થ અને રેવા તેમની 12 વર્ષની દીકરી ખુશી સાથે તેમના નાનકડા ઘરમાં સુખેથી રહેતાં હતાં. તેમના જીવનનું કેન્દ્રબિંદુ તેમની એકની એક દીકરી ખુશી જ હતી જેને તેમણે ઘણાં લાડ અને પ્રેમથી ઉછેરી હતી. ખુશી અને તેની મમ્મી બંને આ વિષય પર ચર્ચા કરતા કરતા બસસ્ટોપથી ઘરે પહોંચ્યાં. ''હજી તો બપોર છે અને પપ્પા તો રાત્રે ૮ વાગ્યે આવશે અને વળી, અમારા મિત્રોનો સાથે જવાનો પ્લાન સાંજે ૭ વાગ્યાનો છે. તો પછી પપ્પાને પૂછવું ક્યારે?'' આ દલીલ ખુશીની હતી અને તે રેવાને સતત સમજાવવાનો પ્રયત્ન કરતી કે તે પપ્પાને ફોન પર જ વાત કરીને બહાર જવાની પરવાનગી મેળવી લે.

રેવાને સમર્થના જવાબનો અંદાજો હતો છતાં, તે ફોન કરવા તૈયાર થઈ. રેવાએ ખુશીને ફોન પર તેના પપ્પા સાથે વિગતે વાત કરવાનું કહ્યું એટલે ખુશીએ તો પૂરા ઉત્સાહથી બધી વાત કરી. સમર્થે બધી વાત શાંતિથી સાંભળી અને પછી એટલું જ કહ્યું કે ''હજી એકલા બહાર ફરવા જવા માટે તું નાની છે દીકરા.

થોડી મોટી થાય પછી હું તને મિત્રો સાથે ફરવા જવા દઈશ.'' બસ,પપ્પાએ મને ફરવા જવાની 'ના' પાડી એ સાંભળીને ખુશી ગુસ્સે થઈ ગઈ અને તેણે ફોન મૂકી દીધો.

પછી તો શું? બધો ગુસ્સો ખુશીએ તેની મમ્મી પર કાઢ્યો. ''પપ્પા હંમેશાં મને 'ના' શા માટે કહી દે છે? હું કંઈ નાની છું? હું મારું ધ્યાન જાતે રાખી શકું છું. પપ્પા બધાંથી મોટા છે એટલે શું એ કહે તેમ જ અમારે કરવાનું? હું પપ્પા સાથે વાત જ નથી કરવાની.''

આખરે રેવાનું તો એક જ કામ હોય! બંને પિતા -પુત્રી વચ્ચે જો ઝઘડો થાય તો તેમાં પાણી છાંટીને બંનેને શાંત કરવાના. અત્યારે પણ રેવા એ જ કરતી હતી. તેણે ખુશીને સમજાવતાં કહ્યું, ''જો દીકરા, પપ્પાએ તને બહાર ફરવા જવા માટે ના નથી પાડી. બહાર એકલા ફરવા જવા માટે હજી તારી ઉંમર નાની છે. સાથે કોઈ મોટી વ્યક્તિ આવવાની હોય તો વાત બરાબર પણ છે પરંતુ સાવ એક્લા તમને હમણાં ન મોકલી શકાય. પપ્પાને તારી ફિકર હોય માટે હમણાં જવાની ના પાડે છે.''

''પરંતુ, મમ્મી તમે જ તો કહો છો કે હવે હું મોટી થઈ છું. ક્યારેક તમે મને મોટી ગણો છો તો ક્યારેક નાની. આમાં મારે શું સમજવું? તમે જ પહેલા નક્કી કરો તમે મને મોટી ગણો છો કે નાની ?'' રેવા ખુશીની મનઃસ્થિતિ સમજતી હતી. તરુણાવસ્થામાં આવા સવાલ થવા, થોડા વિદ્રોહી થવું સ્વાભાવિક હતું અને તે સમર્થનો દ્રષ્ટિકોણ પણ સમજતી હતી. એક પિતા કે જે દુનિયાને નજીકથી જાણે છે, સમજે છે અને પોતાની દીકરીને સુરક્ષિત રાખવા માંગે છે તો તેમાં તેમનું પરિસ્થિતિગત વર્તન પણ યોગ્ય જ છે. આમાં ખોટું કોઈ નથી. બસ, જરૂર છે તો બંનેએ એકબીજાને સમજવાની. એ રાત્રે સમર્થ ઘરે આવ્યો ત્યારે ખુશીએ ડીનર ટેબલ પર તેની સાથે બિલકુલ વાત ન કરી. સમર્થે મનાવી કે ચાલ, આ વિકેન્ડમાં આપણે સાથે ફરવા જઈશું, કે તને ગમતી વસ્તુ લાવી આપું, વગેરે પરંતુ ખુશી એકની બે ન થઈ. એ તો રિસાઈને રૂમમાં જતી રહી.


બીજા દિવસે સમર્થ ઊઠ્યો ત્યારે જોયું તો ખુશી સાડી પહેરીને તૈયાર થઈ હતી. પૂછ્યું તો રેવાએ જવાબ આપ્યો કે આપણી ખુશી ડ્રામામાં રહી છે તેમાં તેણે સાડી પહેરીને જવાનું છે, આજે તેની કોમ્પિટિશન છે. સમર્થ બે ઘડી દીકરીને જોતો રહ્યો અને પછી કશું કહ્યું નહિ. બસ, રેવા અને ખુશી ઘરેથી નીકળવાનાં જ હતાં અને ત્યારે ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. પછી તો શું, ખુશી વરસાદ પર ગુસ્સે થવા લાગી. ''આ વરસાદને અત્યારે જ વરસવાનું હતું, વરસાદમાં મારી સાડી બગડી ગઈ તો! હું ડ્રામામાં કેવી રીતે ભાગ લઈશ?'' એટલામાં સમર્થ ઊભો થયો અને તેણે કાર કાઢી અને ત્રણેય બસસ્ટોપ પર પહોંચ્યાં પરંતુ, બસમાં ચઢવા માટે તો કારમાંથી ઊતરવું જ પડે ને! ને વરસાદ તો ધોધમાર! બે ઘડીમાં જ ભીના થઈ જવાય. જેવી બસ આવી એટલે ખુશીએ મમ્મી સામે જોયું,''હવે કેવી રીતે નીકળું?'' રેવા સમજી ગઈ,''ચાલ ચાલ, બેગ લઈ લે અને નીકળ, હું છત્રી ખોલીને ઊભી રહું છું.'' ખુશીએ જેવો કારનો દરવાજો ખોલ્યો કે તરત સમર્થે તેને હાથમાં ઊંચકી લીધી અને રેવાએ છત્રી ધરી રાખી. ખુશી વ્યવસ્થિત રીતે બસમાં બેસી ગઈ. તેનાં કપડાં પણ વ્યવસ્થિત રહ્યાં.

બસમાંથી 'બાય' કરતી વેળા તેણે મમ્મી-પપ્પા બંનેને જોયાં. મમ્મી થોડા થોડા અને પપ્પા તો પૂરા ભીના થઈ ગયા હતા. પોતાની સીટ પર બેસીને ખુશી વિચારતી રહી કે રાત્રે જે પપ્પા પર તેને ગુસ્સો આવતો હતો તે જ પપ્પાએ તેને સુરક્ષિત બસમાં બેસાડી હતી. ખુશી વિચારતી હતી,'કદાચ, પપ્પાની વાત સાચી હતી... તેમણે મને આ ઉંમરે એકલા ફરવા જવાની ના કહી હતી, કાયમ માટે થોડી ના પાડી છે. હું તેમના પર કેટલું ગુસ્સે થઈ! છતાં પણ તેઓ મને બસસ્ટોપ પર મૂકવા આવ્યા, મને રાત્રે મનાવવા પણ આવ્યા.' ધીરે ધીરે આકાશ જેમ ચોખ્ખું થતું ગયું તેમ તેમ ખુશીના મનનું આકાશ પણ તેના પિતાનો પ્રેમ જોઈને નિર્મળ થઈ ગયું હતું. ખુશીને સમજાઈ ગયું હતું કે જ્યાં માનો પાલવ પૂરો થાય છે ત્યાંથી પિતાનું આકાશ શરૂ થાય છે.

- ક્રિષ્ના કાપડિયા

## ફાધર્સ ડે નિમિત્તે

# પપ્પાને પત્ર



પા..પપ્પા...

કોઈ સંબોધન જડતું નથી, બલકે એવું કોઈ પણ સંબોધન તમારી ગરિમાને ઉજાગર કરવા સમર્થ નથી.

ઘણી વાર ઊંઘમાંથી જાગી જઈને વિચારું છું કે તમે સાથે નહીં હો પછી શું? આવી જ એક ઊંઘ ઊડી ગયા પછી આ પત્ર લખવા બેઠો છું. આજે તો મારે હૈયામાં સંઘરાયેલી વાતનો ધોધ છૂટો મૂકવો છે. આપણે વારંવાર ઝઘડયા છીએ, એ ઝઘડવામાં ખૂબ મજા યે આવી છે. હું તમારા વિનાનો થઈશ ત્યારે તમારો પડછાયો જ મને વિંટળાયેલો રહેશે. તમે મારામાં આત્મવિશ્વાસ સિંચવામાં પાછું ફરીને જોયું જ નથી. હું જે કંઈ કરવા માંગતો તેમાં ભાગ્યે જ તમે ના પાડેલી. અને મમ્મી હોત તો... ''આમ કેમ થાય... તેમ કેમ નહીં...'' ચાલો ઠીક છે... તમે બંનેએ તમારી રીતે મારી કાળજી રાખી. હવે ડિગ્રી મેળવ્યા પછી સાવ નવા ફિલ્ડમાં, નવા માહોલમાં એકડો ઘૂંટવાનો છે. તમે તો સમર્પણનું દર્પણ રહ્યા જ છો. મૃગજળ હોતું નથી છતાંયે સામે જ તે દેખાય છે, એવું જ તમારું પણ. મેં ક્યારેય તમને થાકતા કે હાંફતા જોયા નથી, તમે તો મારી આસપાસ હંમેશા ભીંત થઈને ઊભા રહ્યા છો. થોડું ફ્લેશ બેકમાં જવાનું મન થાય છે. કાલીઘેલી ભાષા, કાગળની હોડી, વરસાદમાં છબછબિયાં, લખોટી, ચાકના ટુકડા, ખીલી હથોડીથી માટીમાં ખોદાણ, હોળીની રમઝટ ને લેશનની ખટપટ... આમ, સમયનું વહાણ વહેતું ગયું. જીવનસફરની પગદંડી પર કારકિર્દી બનાવવા દીકરો તમારો જીવનના વળાંક ઉપર ખુમારીથી મીટ માંડી રહ્યો છે. હવે હું જિંદગીનો ઉત્તરાર્ધ શોધીશ... તમારા પડછાયામાં... અને પહાડી છત્રછાયાના દીવાદાંડી જેવા તેજ લિસોટામાં... પિતૃદેવો ભવઃ શબ્દસમૂહને ગુંજતો કરીશ... કવિ હરદ્વાર ગોસ્વામીએ સાચું જ લખ્યું છે ને કે...

**થોડું ફ્લેશ બેકમાં જવાનું મન થાય છે. કાલીઘેલી ભાષા, કાગળની હોડી, વરસાદમાં છબછબિયાં, લખોટી, ખીલી હથોડીથી માટીમાં ખોદાણ, હોળીની રમઝટ ને લેશનની ખટપટ... આમ, સમયનું વહાણ વહેતું ગયું**

પહેલાં પકડી આંગળી, પછી પકડ્યો હાથ,
દૂર થઈ જાય દુઃખ સઘળાં, ભરું જરા હું બાથ,
સાગર છે એ સ્નેહનો છતાં કરે નહીં ઘૂઘવાટ...

- પ્રવીણ સરાધીયા (સુરત)

વાચક મંચ